# લ્યો બોલો... લગ્ન પ્રસંગ માથે જ કોરોનાનો ખતરો..!! માત્ર ૧૫૦ને મંજુરી

### લગ્ન પ્રસંગને સામાજિક કાર્યક્રમથી બાકાત કરાતા નાગરિકોમાં આક્રોશ નવી ગાઇડ લાઇનમાં સરકારની બેવડી નીતી સ્પષ્ટ થતી હોવાનો સુર

ગાંધીનગર તા ૩૦

કોરોનાને અનુલક્ષી સરકારની નવી ગાઇડલાઇન જારી થતા નાગરિકોમાં બે વાતનુ ભારોભાર આશ્ચર્ય અને આક્રોશ છે. એક તો કોરોના માટે લગ્ન પ્રસંગ અલબત્ત વર કન્યા અને જાનૈયાઓ હોટ ફેવરીટ છે. સીધુ સંક્રમણ લાગી જાય છે...!! અને બીજુ લગ્ન એ કોઇ સામાજિક કાર્યક્રમ નથી. .. અને રાજકીય પણ નથી...!! અલબત્ત કોરોનાનો સૌથી વધુ ખતરો લગ્ન પ્રસંગ પર મંડરાયેલો છે. નવી ગાઇડ લાઇન મુજબ લગ્નમાં માત્ર ૧૫૦ અને સામાજિક પ્રસંગમાં ૪૦૦ વ્યકિતઓ માટે છુટછાટ આપવાની જાહેરાત કરાઇ છે. ત્યારે નવી ગાઇડ લાઇનના અંતે આમ નાગરિકો પણ બે ઘડી માથુ ખંજવાળીને તેમનો રોષ ઠાલવી રહ્યા છે. નવી ગાઇડલાઇનમાં સરકારની બેવડી નિતી સ્પષ્ટ થઇ રહી હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

કોરોના કપરા સમય ગાળામાં છેલ્લા દોઢ વર્ષથી સમાજ જીવનનો સિનારીયો બદલાઇ ગયો છે. કોવિડના કહેરથી બચવા માટે છેલ્લા ઘણાં સમયથી શાળા કોલેજો તો બંધ છે પરંતુ બોર્ડની પરીક્ષા પણ રદ કરવાની ફરજ પડી છે. આવા કપરા સમયમાં કાતિલ કોરોનાના સંક્રમણથી બચવા માટે માસ્ક પહેરવા તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગ જાળવવા માટે સરકાર દ્વારા સતત નાગરિકોને અપીલ કરવામાં આવી રહી છે. ત્યારે નાગરિકો પણ કોરોનાની ઘાતક પુરવાર થયેલી બીજી લહેરના અંતે હવે વધુ સતર્ક અને સજાગ બન્યા છે. આ સ્થિતિ વચ્ચે અનેકવાર રાજકીય સમારોહ , સભા સરઘસ અને રેલી સહીતના કાર્યક્રમો પણ આ બધા નિતી નિયમો નેવે મુકીને સરાજાહેર થતા આમ નાગરિકોમાં આખી વાતને અનુલક્ષી પ્રચંડ રોષ ઉભો થયો છે. કોરોનાના કાળચક્રથી બચવા માટે નાગરિકો બને ત્યાં સુધી ઘરમાં પુરાયેલા રહેવાનુ જ પસંદ કરે છે. જયારે વેપાર ધંધા અને નોકરીયાત વર્ગ પણ સરકારની ગાઇડ લાઇન મુજબ જ તેમની કાર્યપધ્ધતિ અપનાવી છે. લોકડાઉન કે કરફયુ સહીતના તમામ મુદ્દે આમ નાગરિકોએ શિસ્ત દાખવી કોરોના સામેની લડત જારી રાખી છે. આવા સંજોગોમાં તબક્કાવાર સંક્રમણને અનુલક્ષીને સરકાર દ્વારા જુદા જુદા પ્રકારની છુટછાટ આપવામાં આવે છે. કોરોના ગાઇડલાઇનને અનુલક્ષી આજે સરકારે લગ્ન પ્રસંગને સામાજિક નહીં ગણાવી તેમાં માત્ર ૧૫૦ વ્યકિતઓ માટે જ છુટછાટ આપી છે. જયારે મૃત્યુ જેવા કપરા પ્રસંગે પણ માત્ર ૪૦ વ્યકિતઓની મંજુરી અપાઇ છે. આ તબક્કે આખી વાતમાં સામાજિક પ્રસંગમાં ૪૦૦ વ્યકિત સુધીની છુટછાટનો મુદ્દો નાગરિકો માટે આશ્ચર્ય સહીત આક્રોશનો મુદો બન્યો છે. અલબત્ત લગ્ન એ એક પ્રકારનો સામાજિક પ્રસંગ જ છે. ત્યારે તેને બાકાત રાખી તૈયાર કરાયેલી આ ગાઇડલાઇનમાં મનસ્વી રીતે નિર્ણય લેવાયો હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# તાસીર : ચોમાસુ એક વર્ષ સારૂ જાય તો બે વર્ષ વરસાદની ખેંચ જિલ્લો અનુભવે છે !

### ૨૦૧૯માં ગાંધીનગર તાલુકાને સરકારે અર્ધ અછતગ્રસ્ત વિસ્તાર તરીકે જાહેર કર્યો હતો : જિલ્લામાં હજુ ૧૭ ટકા વરસાદની ઘટ : ૨૦૧૮માં ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં પડેલા વરસાદે બધી ઘટ સરભર કરી હતી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ચોમાસુ એક વર્ષ સારૂ જાય તો પછીના બે વર્ષ દરમ્યાન વરસાદની ખેંચ રહે છે. જિલ્લાના અર્થતંત્રમાં આકાશી ખેતીનું મહત્વ વિશેષ છે અને સરકારે પણ ખેડૂતોની આવક બમણી કરવાનું લક્ષ્ય રાખ્યુ છે. પરંતુ જિલ્લામાં કુદરત સાથ નથી આપતી.

૨૦૧૭ના વર્ષમાં ૨૯/૭ સુધીમાં ચોમાસાનો ૧૨૭.૨૪ટકા વરસાદ નોંધાયો હતો. જેમાં દહેગામ તાલુકામાં ૮૧૨ મી.મી., ગાંધીનગરમાં ૭૩૭ મી.મી., કલોલમાં ૧૪૨૪ મી.મી. અને માણસામાં ૮૧૨ મી.મી. વરસાદ આ તારીખ સુધીમાં નોંધાયો હતો.

૨૦૧૮માં આ તારીખ સુધીમાં ચોમાસાની સીઝનનો ૧૮.૩૧ ટકા વરસાદ નોંધાયો હતો. દહેગામમાં ૧૯૫ મી.મી., ગાંધીનગરમાં ૧૬૦ મી.મી., કલોલમાં ૧૪૨ મી.મી. અને માણસામાં ૭૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૧૯ના વર્ષમાં આ તારીખ સુધીમાં ૧૯.૨૨ ટકા ચોમાસાની સીઝનનો વરસાદ નોંધાયો હતો. જેમાં દહેગામમાં ૧૬૬ મી.મી., ગાંધીનગરમાં ૮૧ મી.મી., કલોલમાં ૧૮૦ મી.મી., માણસામાં ૧૬૪ મી.મી. વરસાદ નોંધાયો હતો. આ વર્ષે ગાંધીનગર તાલુકામાં વાવણીલાયક વરસાદ ન થતાં સરકારે તેને અર્ધ અછતગ્રસ્ત તાલુકા તરીકે જાહેર કર્યો હતો જે નોંધનીય છે. નવા જિલ્લાની રચના પછી પણ પહેલીવાર ગાંધીનગર તાલુકો અર્ધ અછતગ્રસ્ત વિસ્તાર જાહેર થયો હતો.

૨૦૨૦ના વર્ષમાં આ તારીખ સુધીમાં જિલ્લામાં ૪૧.૦૨ ટકા વરસાદ ચોમાસાની સિઝનનો થયો હતો. જેમાં દહેગામમાં ૩૭૦ મી.મી., ગાંધીનગરમાં ૨૭૮ મી.મી., કલોલમાં ૨૩૬ મી.મી., માણસામાં ૩૯૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

૨૦૨૧ એટલે કે તારીખ ૨૯/૭/૨૦૨૧ સુધીમાં જિલ્લામાં ૨૪.૦૪ ટકા વરસાદ સિઝનનો નોંધાયો છે. જિલ્લામાં ગત વર્ષની તુલનામાં ૧૭ ટકા વરસાદની ઘટ આ વર્ષે હજુ પણ રહી છે.

જિલ્લામાં દહેગામમાં હજુ પણ વાવણીલાયક વરસાદ થયો નથી. દહેગામમાં ૨૯-૭-૨૦૨૧ સુધીમાં ૧૧૮ મી.મી., ગાંધીનગરમાં ૧૫૩ મી.મી., કલોલમાં ૨૪૯ મી.મી., માણસામાં ૨૧૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

સામાન્યતઃ જુનના અંતિમ સપ્તાહથી શરૂ થતો વરસાદ જુલાઈમાં ધબધબાટી બોલાવતો જણાયો છે. પરંતુ આ વર્ષે વરસાદ સતત હાથતાળી આપી જતો રહ્યો છે. જિલ્લામાં વરસાદની ખેંચને કારણે ખેડૂતોને ભૂગર્ભજળ પર આધાર રાખવો પડે છે. જિલ્લામાં ભૂગર્ભજળનું વધુ પડતુ દોહન થતાં જિલ્લો ઓવર એક્સલોઈટેશન કેટેગરીમાં છે.

જિલ્લામાં આ વર્ષે વરસાદની ઘટ છે અને ખરીફ સિઝનનું વાવેતર પણ ૫૦ ટકાની આસપાસ થયુ છે. જિલ્લામાં આ વખતે વરસાદની ઘટને લઈ ખેડૂતો સતત ચિંતામાં છે.

મોસમના અભ્યાસુઓના કહેવા મુજબ ૨૦૧૮માં ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં સારો વરસાદ થયો હતો અને વર્ષ સારૂ રહ્યુ હતુ. આ વર્ષે પણ ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં સારો વરસાદ થશે તેમ તેમનુ કહેવુ છે.

# શહેરમાં જોખમી વૃક્ષોની કટોતી તેમજ તોતિંગ નમી પડેલી ડાળીઓનુ ટ્રીમીંગ શરૂ

### વનતંત્રએ ગ -૩ થી ઘ-૩ માર્ગ પર ટ્રીમીંગ કર્યુ : ત્રણ જોખમી વૃક્ષોની પણ કટોતી કરી : તબક્કવાર સેકટરોમાં વૃક્ષોનુ ટ્રીમીંગ તેમજ નમી પડેલા સુકા વૃક્ષો પણ દુર કરાશે






ગાંધીનગર તા ૩૦

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરવામાં આવી રહી છે. જયારે ઉભા સુકા જોખમી વૃક્ષો દુર કરવા માટે પણ વનતંત્રએ કામગીરી શરૂ કરી છે. આજે પણ શહેરમાં મુખ્યમાર્ગને અડીને એક અને સે-૬ ના આંતરિક વિસ્તારમાં થી બે જોખમી વૃક્ષો દુર કર્યા હતા જયારે જોખમી વૃક્ષોની કટોતી સાથે નમી પડેલી તોતિંગ ડાળીઓ દુર કરવા માટે ટ્રીમીંગ પણ હાથ ધર્યુ છે. નાના ગ-૩ થી મોટા ઘ માર્ગ સુધીના માર્ગ પર ટ્રીમીંગની કામગીરી કરવામાં આવી રહી છે. તબક્કાવાર સેકટરોમાં પણ ટ્રીમીંગનુ કામ હાથ ધરાશે.

ગાંધીનગરમાં વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી કરી દેવામાં આવી છે. શહેરમાં અંદાજિત ૧૭ હેકટર વિસ્તારમાં નવા રોપાઓની વાવણી કરી દેવાઇ છે જયારે નવા રોપાઓની વાવણી સાથે જોખમી વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

# શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે એક સાથે સતત બીજા દિવસે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. આ ઉપરાંત હાલ જે સારવાર હેઠળ દર્દીઓ છે તેમને રજા પણ આપવામાં આવી નથી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ મીથી એક પણ કોરોનાનો કેસ નોંધાયો નથી. શહેરમાં છેલ્લા બે દિવસથી કોરોનાનો એકેય કેસ નોંધાયો નથી. શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં હાલ ૧૦ દર્દીઓ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

# ૪થી ઓગષ્ટ સુધી હળવા વરસાદની સંભાવનાઓનું પૂર્વાનુમાન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૪થી ઓગષ્ટ સુધી હળવા વરસાદના ઝાપટા ચાલુ રહેશે તેવુ હવામાન-પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૩૫ માં જણાવવામાં આવ્યુ છે.

૩૧ જુલાઈથી ૪ ઓગષ્ટ સુધીના કરવામાં આવેલ પૂર્વાનુમાન મુજબ આગામી પાંચ દિવસમાં આકાશ મોટેભાગે વાદળછાયુ રહેશે અને હળવો વરસાદ થવાની સંભાવનાઓ છે.

મહત્તમ તાપમાન ૩૦-૩૩ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૫-૨૬ ડિગ્રી સે. રહેવાની સંભાવનાઓ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારના દવાખાના-હોસ્પિટલોમાં ૪૦ સ્થાનોએથી મચ્છરોના પોરા મળી આવ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં આવેલ ૨૦૩ દવાખાના હોસ્પિટલોમાં આજે મેલેરિયાતંત્રની ટીમો ત્રાટકી હતી અને ૪૦ જેટલા સ્થાનોએથી મચ્છરોના પોરા પકડી પાડી પોરાનાશક કામગીરી કરી હતી.

દવાખાના અને હોસ્પિટલોમાં આજે ૧૩૦૦થી વધુ મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તંત્રની ટીમે ચકાસણી કરી હતી જેમાં ૪૦ સ્થાનો પર પોરા મળી આવ્યા હતા.

તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજની ચકાસણી દરમ્યાન બે દવાખાના/હોસ્પિટલને મચ્છરોના ભારે બ્રિડીંગ મળતાં ટીમે નોટીસ થમાવી દીધી છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ નિયંત્રણમાં રહે તે માટે તંત્ર દ્વારા છેલ્લા પાંચ દિવસથી સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે.

શહેર-જિલ્લામાં હાલ વાઈરલ ફિવરની બિમારીના કેસો વધી રહ્યા છે. હાલ મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ હોવાથી તંત્રએ હરકતમાં આવી આ સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. જિલ્લામાં ૧૨૦૦થી વધુ કર્મયોગીઓ દ્વારા આ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે.

# સરકારની સ્પષ્ટતા : લગ્ન પ્રસંગમાં ૧૫૦ લોકોને મંજૂરી

### સામાજિક મેળાવડામાં ૪૦૦ લોકોને છૂટ!

ગાંધીનગર,તા.૩૦

બે દિવસ પહેલા રાજ્ય સરકારે કોરોનાની બીજી લહેર બાદ રાજયના આઠ મહાનગરોમાં મૂકવામાં આવેલા વિવિધ પ્રતિબંધો બાબતે કેટલિક છૂટછાટની જાહેરાત કરી હતી. આજે આ મામલે સરકાર તરફથી એસઓપી જાહેર કરવામાં આવી છે. જેમાં લગ્ન પ્રસંગમાં ૧૫૦ લોકોને મંજૂરી આપવામાં આવી હોવાનો સરકાર તરફથી ખુલાસો કરવામાં આવ્યો છે. બે દિવસ પહેલા જાહેરાત વખતે સરકારે સામાજિક મેળાવડામાં ૪૦૦ લોકોને મંજૂરી આપી હતી. જે બાદમાં લોકોએ એવું માની લીધું હતું કે લગ્ન પ્રસંગમાં પણ ૪૦૦ લોકોને છૂટ આપવામાં આવી છે. હવે આ મામલે બે દિવસ બાદ સરકારે ખુલાસો કર્યો છે. બીજી તરફ રાજકીય કાર્યક્રમોમાં ૪૦૦ લોકોને મંજૂરી આપતા લોકોને આશ્ચર્ય થયું છે. લોકો સવાલ પૂછી રહ્યા છે કે શું ફક્ત લગ્ન પ્રસંગમાં જ કોરોના ફેલાય છે? આ મામલે સરકારનું કહેવું છે કે, સમજી વિચારીને જ આ નિર્ણય લેવામાં આવ્યો છે. આના પાછળ ખાસ તર્ક છે.

લગ્ન પ્રસંગમાં ૧૫૦ લોકો અને સામાજિક મેળાવડાઓમાં ૪૦૦ લોકોને મંજૂરી બાબતે વાતચીતમાં ગૃહ રાજયમંત્રી પ્રદીપસિંહે જણાવ્યું હતું કે, લગ્ન પ્રસંગમાં લોકો આખો દિવસ સાથે રહે છે. જ્યારે રાજકીય મેળવડા ફક્ત મર્યાદિત સમય માટે જ હોય છે. આ કારણે લગ્ન પ્રસંગમાં ફક્ત ૧૫૦ લોકો અને મેળાવડામાં ૪૦૦ લોકોને મંજૂરી આપી છે. પ્રદીપસિંહે ખુલાસો કર્યો છે કે, લગ્ન પ્રસંગમમાં આખો દિવસ લોકો સાથે રહેતા હોવાથી કોરોનાનું સંક્રમણ વધવાની શક્યતા રહેલી છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વેક્સિનેશનના પ્રથમ ડોઝ પાંચ લાખની નજીક

### શહેરમાં ૩,૭૭,૬૫૪ લોકોને આવરી લેવાયા : જિલ્લો વેક્સિનેશન અભિયાનમાં રાજ્યમાં ચોથા ક્રમે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં પાંચ લાખ લોકોને આવરી લેવાની નજીકમાં જિલ્લાનું આરોગ્યતંત્ર પહોંચી ગયુ છે.

રાજયમાં વેક્સિનેશન અભિયાનમાં ગાંધીનગર જિલ્લો ચોથા સ્થાને છે. જિલ્લામાં ૩૪ ગામોમાં રસીકરણના પ્રથમ ડોઝનું ૧૦૦ ટકા કામ સંપન્ન થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૪૬૨૬ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા. આ સાથે જિલ્લામાં આજ સુધીમાં ૪,૯૮,૧૮૨ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ આપી દેવામાં આવ્યો છે, જ્યારે ૧,૩૨,૩૨૦ લોકોને રસીના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે. આમ જિલ્લામાં અત્યાર સુધીમાં ૬,૩૦,૫૦૨ લોકોનું વેક્સિનેશન સંપન્ન થયુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વેપારીઓ અને હોકર્સના વેક્સિનેશનનું અભિયાન પણ રવિવાર સુધી સંપન્ન કરી દેવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૪૧૬૦ લોકોને વેક્શિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા છે. શહેરમાં અત્યાર સુધીમાં ૩,૭૭,૬૫૪ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ૨,૯૦,૮૯૨ને પ્રથમ ડોઝ અને ૮૬,૭૬૨ને બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

રાજ્યકક્ષાએ ૮ મહાનગરોમાં ગાંધીનગર મનપા વેક્સિનેશન અભિયાનમાં પ્રથમ ક્રમે છે. મનપા દ્વારા વેક્સિનેશન અભિયાનને હજુ વધુ સઘન બનાવવા પોલિંગ બુથ પેટર્ન પર અભિયાન હાથ ધરવાના આયોજનને આખરી ઓપ આપી રહેલ છે.

શહેરમાં અત્યાર સુધીમાં ૨,૧૨,૩૯૯ પુરૂષો અને ૧,૬૫,૧૮૬ મહિલાઓને આવરી લેવામાં આવેલ છે. ૧૮ થી ૪૪ના વયજૂથમાં ૨,૨૯,૨૬૮ યુવાઓને આવરી લેવામાં આવ્યા છે જ્યારે ૪૫ થી ૬૦ ના વયજૂથમાં ૯૧,૬૩૧ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

# આજે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરાશે

### જિલ્લામાંથી ૧૫ હજાર વિદ્યાર્થીઓ નોંધાયા છે : સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઇટ પર પરિણામ જાહેર કરાશે

ગાંધીનગર તા ૩૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજે સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર થશે ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ સામાન્ય પ્રવાહનુ પણ પરિણામ જાહેર થશે. ગાંધીનગર જિલ્લામાંથી અંદાજિત ૧૫ હજાર વિદ્યાર્થીઓએ બોર્ડની પરીક્ષા આપી હતી. સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઇટ પર પરિણામ જાહેર કરાશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા ધો -૧૨ સામાન્ય પ્રવાહનુ આજે પરિણામ જાહેર કરાશે. કોરોના કાળમાં બોર્ડની પરીક્ષા લેવામાં આવી નથી ત્યારે પરિણામ તૈયાર કરવા માટે બોર્ડ કક્ષાએથી નીતિ ઘડવામાં આવી છે તે મુજબ પરિણામ જાહેર કરાશે.
ગાંધીનગર જિલ્લામાંથી પણ સામાન્ય પ્રવાહ માટે અંદાજિત ૧૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જયારે કોરોના કાળમાં ધો -૧૦ અને ૧૨ ની પરીક્ષા રદ કરવામાં આવ્યા બાદ મુલ્યાંકન પધ્ધતિના આધારે અગાઉ ધો -૧૦ અને ૧૨ નુ પરિણામ જાહેર કરાયુ હતુ. ધો -૧૨ ના અંતે પણ વિદ્યાર્થીઓ શૈક્ષણિક કારકીર્દીને આગળ ધપાવવા માટે કોમર્સ ફેકલ્ટીઝ સહીતના વિકલ્પો અપનાવે છે. સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓની બોર્ડ કસોટી લેવાઈ નથી. પરંતુ પરિણામને અનુલક્ષી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ઉત્સુકતા પ્રવર્તી છે. ગત વર્ષે ધો -૧૨ સામાન્ય પ્રવાહમાં ગાંધીનગર કેન્દ્રનુ પરિણામ ૮૬.૬૮ ટકા આવ્યુ હતુ. જયારે એ વન ગ્રેડમાં ૮ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો હતો. ધો -૧૦ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ હવે સામાન્ય પ્રવાહનુ પરિણામ પણ જાહેર થતા બોર્ડના વિદ્યાર્થીઓ આગળની શૈક્ષણિક પ્રવેશ કાર્યવાહીમાં લાગી જશે. બોર્ડના નાયબ સચિવ અવનીબા મોરીએ આ અંગે જણાંવ્યા મુજબ સવારે ૮ કલાકે બોર્ડની વેબસાઈટ પરથી પરિણામ જાહેર કરાશે જયારે વિદ્યાર્થીઓને શાળા કક્ષાએથી ગુણપત્રક પણ આપવામાં આવશે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં માત્ર ૨૧ કોરોના કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં કોરોના હવે તબક્કાવાર કાબુમાં આવી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે. દિવસેને દિવસે કેસ પણ કાબુમાં આવી રહ્યા છે. આજે રાજ્યમાં માત્ર ૨૧ કોરોના કેસ જ નોંધાયા હતા. આ ઉપરાંત ૨૯ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૪,૫૧૪ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજયમાં કોરોનાથી સાજા થવાનો દર ૯૮.૭૫ ટકા એ પહોંચ્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજના દિવસમાં ૩,૪૩,૭૪૨ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે. જો રસીકરણની વાત કરીએ તો રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર્સ પૈકી ૧૩૩ લોકોને પ્રથમ અને ૬૯૬૧ લોકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારેની ઉંમરના ૬૬૫૩૨ લોકોને પ્રથમ અને ૫૨૧૩૯ને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષ સુધીના ૧૯૦૪૬૨ ને પ્રથમ અને ૨૭૫૧૫ લોકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. આ પ્રકારે કુલ ૩,૪૩,૭૪૨ લોકોનું આજે રસીકરણ કરવામાં આવ્યું છે. જ્યારે ૩,૨૯,૫૮,૨૦૩ કુલ નાગરિકોનું રસીકરણ થઈ ચુક્યું છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં હાલ કુલ ૨૬૦ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૫ લોકો વેન્ટીલેટર પર છે. ૨૫૫ દર્દીઓ સ્ટેબલ છે. ૮,૧૪,૫૧૪ લોકોને ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે. ૧૦૦૭૬ લોકોના કોરોનાને કારણે અત્યાર સુધીમાં મોત થઈ ચુક્યાં છે. જો કે આજે કોરોનાને કારણે એક પણ વ્યક્તિનું મોત થયું નથી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com